આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

તમારે જો શાસન કેવું હોય તે જાણવું હોય તો લોકોમાં કેવું સંગીત પ્રચલિત છે તે તપાસ કરો

- *લાઓત્સે*

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૩૫૪ | ૭ માર્ચ, ૨૦૧૪, શુક્રવાર; ફાગણ સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગાંધીનગર માટે પ્રથમ પસંદગી નરેન્દ્ર મોદી

## મોદી લડવાની અનિચ્છા દર્શાવે તો જ અડવાણી કે બીજા નામો વિચારણામાં લેવા કાર્યકરોની ઉગ્ર રજૂઆત

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર લોકસભા બેઠક માટે આજે રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનું નામ સર્વાનુમતે રજુ થયું હતું. જો મોદી સાહેબ ચૂંટણી આ બેઠક પરથી ના લડે તો પછી શ્રી અડવાણીને પુનઃ ટિકિટ આપવાની લાગણી પણ આગેવાનોએ વ્યક્ત કરી છે.

આજે અમદાવાદ-સરખેજ હાઈવે પર એક ખાનગી ફાર્મહાઉસ ખાતે પ્રદેશ નીરીક્ષકો દ્વારા ગાંધીનગર સંસદીય મત વિસ્તાર માટે ઉમેદવારોના નામ માટેની રજુઆતો સાંભળવામાં આવી હતી.

મળતી વિગતો પ્રમાણે પ્રદેશ નીરીક્ષકો તરીકે રાજ્યમંત્રી શ્રી પરબતભાઈ પટેલ, સાંસદ શ્રી નટુજી



ઠાકોર તથા નૌકાબેનની ઉપસ્થિતિમાં અપેક્ષિત આગેવાનોને રજુઆતો માટે બોલાવવામાં આવ્યા હતા.

રજુઆતકર્તાઓએ પ્રથમ તો એક જ લીટીનો પ્રસ્તાવ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના નામનો કરી નિરીક્ષકોને સુપ્રત કર્યો હતો. જેના પર સાતેય વિધાનસભા મતવિસ્તારના આગેવાનોની સહિઓ હતી.

આ પછી નિરીક્ષકોએ બીજા નામના વિકલ્પ વિશે પૃચ્છા કરતાં સૌએ જણાવ્યું હતું કે મોદી સાહેબ લડવા ના ઈચ્છતા હોય તો શ્રી અડવાણીને રિપીટ કરવામાં આવે તો વાંધો નથી અથવા પાર્ટી જેને પણ ટિકિટ આપશે તેને વિજયી બનાવવામાં કોઈ જ કચાશ કાર્યકર્તા રાખશે નહિ.

૯મીથી પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડ મળી રહ્યું છે. ૧૧મીએ ગાંધીનગરની બેઠકનો અહેવાલ નિરીક્ષકો દ્વારા રજુ કરવામાં આવશે.

આજે ગાંધીનગર ઉપરાંત



અમદાવાદ પૂર્વની બેઠક માટે પણ મુખ્યમંત્રીશ્રી મોદીનું નામ રજુ થયું હતું. આ બન્ને લોકસભા બેઠકમાં ગાંધીનગર જિલ્લાની વિધાનસભાની બે-બે બેઠકોનો સમાવેશ થાય છે.

ગાંધીનગર સંસદીય મતવિસ્તાર આમ તો ભારતીય રાજકારણમાં મહત્વનું સ્થાન ધરાવે છે. આ બેઠક પર ભાજપના પ્રધાનમંત્રી શ્રી અટલ બિહારી બાજપાઈ પ્રતિનિધિત્વ કરી ચુક્યા છે. આ ઉપરાંત ૨૦૦૯માં પક્ષના પ્રધાનમંત્રી પદના ઉમેદવાર શ્રી લાલકૃષ્ણ અડવાણી ગાંધીનગરનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે.

હવે ભારતીય જનતા પક્ષે પ્રધાનમંત્રી તરીકે શ્રી નરેન્દ્ર મોદીને ઘોષિત કર્યા છે ત્યારે ગાંધીનગરની બેઠક પર સૌની નજર મંડાઈ છે. ગાંધીનગરની બેઠક પર મોદીની ઉમેદવારી નિશ્ચિત મનાઈ રહી છે.

## NEWS બિટ્સ

### *વારાણસીમાં જોષી-મોદીના સમર્થકો બાખડયા*

ભાજપના વરિષ્ઠ નેતા મુરલી



મનોહર જોષીએ વારાણસીની બેઠક નરેન્દ્ર મોદી માટે ખાલી કરવાનો ઈન્કાર કરવાના અહેવાલોથી વારાણસીમાં ભાજપની આંતરીક જુથબંધી સપાટી પર આવી ગઈ છે. ગુરુવારે વારાણસીના બજારોમાં પોસ્ટરો લગાવાતા બંને જુથોના કાર્યકરો બાખડયા હતા.

### *ફિલ્મ નિર્માતા પ્રકાશ ઝા ચુંટણી લડશે*

જાણીતા ફિલ્મ નિર્માતા પ્રકાશ ઝા એ રાજકારણની વાટ



પકડી છે. તેઓ જેડીયુમાં જોડાયા છે. પશ્ચિમ ચંપારણની બેઠક પરથી તેઓને ટીકીટ આપવામાં આવી છે. તેઓ આ બેઠક પરથી ચુંટણી લડશે.

### *લાલુપ્રસાદની દીકરી મીસા ચુંટણી લડશે*

લોકસભાની ચુંટણીઓ હવે સાવ ઢુકડી છે ત્યારે વિવિધ રાજકીય પાર્ટી તેમના ઉમેદવારો જાહેર કરી રહી છે.



આરજેડીએ તેમના ઉમેદવારોનું પ્રથમ લીસ્ટ જાહેર કરેલ છે. આરજેડીના સુપ્રિમો લાલુ પ્રસાદ યાદવના દિકરી મીસા ભારતી બિહારની પાટલીપુત્ર બેઠક પરથી ઝંપલાવશે.

# ગુજરાતમાં વિકાસના દાવા ખોટા : મનિષ સિસોદિયા

પાલનપુર, તા.૦૬



દેશમાં આગામી દિવસોમાં યોજાનાર લોકસભાની સામાન્ય ચૂંટણીઓ જાહેર થઈ ગઈ છે ત્યારે મુખ્ય રાષ્ટ્રીય પક્ષો સામે બાથ ભીડવા દિલ્હીના જન આંદોલન બાદ ભ્રષ્ટાચાર ભગાવાના મુદ્દા સાથે ઝાડુના ચૂંટણી ચિહ્નથી દિલ્હીના ઓગણપચાર દિવસ સુધી મુખ્યમંત્રી પદે રહેલા અરવિંદ કેજરીવાલના સાતે ખભેખભો મીલાવી દેશભરમાં લોગજાગૃતિ અર્થે નિકળેલા આપના નેતા મનીષ સીસોદીયા આજે સરહદી બનાસકાંઠા જીલ્લામાં પ્રવાસે આવ્યા હતા.

પાલનપુર ખાતે આપના ખુલ્લા કર્યાલય પર પત્રકારોને જણાવેલ કે વડાપ્રધાન બનવા મદારી બની ચુકેલા મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ગુજરાતમાં વિકાસના દાવા તદન જુઠ્ઠા અને પોકળ હોવાનું ખુલ્લો આક્ષેપ કર્યો હતો. ગુજરાતમાં સરહદી વિસ્તારો અને ગ્રામ્ય તતા શહેરી વિસ્તારોમાં આમ જનતા ભ્રષ્ટાચારથી ત્રાહીમામ પોકારી ઉઠી છે જ્યારે પ્રાથમિક શિક્ષણ સાથે માધ્યમિક અને કોલેજમાં અપુરતા શિક્ષકો પ્રોફેસરોની આછત સાથે અપરુતા કલાસરૂમોની ગંભીર સમસ્યાઓને લઈ શિક્ષણનું ધોરણ નીચલી કક્ષાએ ઢસેડાઈ રહ્યું છે.

# હિંમતનગર પાસે સિસોદિયાની કાર પર હુમલો

હિંમતનગર, તા.૬

મોડી સાંજે ઈડરથી હિંમતનગર તરફ આવી રહેલા આમ આદમી પાર્ટીના નેતા મનિષ સિસોદિયાની કાર પર હાથમતિના બ્રિજ પાસે કોઈ અજાણ્યા તત્વોએ પથ્થરો મારી ગાડીના કાચ તોડ્યા હતા.

ભાજપ સમગ્ર ઘટનાથી અજાણ હોવાનું જણાવે છે. જ્યારે કેજરીવાલે કાર્યકરોને શાંત રહેવા અપીલ કરી હતી.

**GPSC અને TATના વર્ગો શરૂ થઈ ગયેલ છે**

PSI, કોન્સ્ટેબલ, H-ક્લાર્ક વગેરેમાં સફળતા મેળવવા એકવાર અવશ્ય સંપર્ક કરો.

**GPSC ફી માત્ર - 22,000**
**TAT ફી માત્ર - 16,000**

- પ્રત્યેક વિષયના નિષ્ણાંત ફેકલ્ટી દ્વારા ટીચીંગ
- સંપૂર્ણ સાહિત્ય ફી આપવામાં આવશે.

**MANAN Carrier Academy**

824/2, Sector-7/C, Opp. Bus Stand, Gandhinagar
(Mo. : 9726609898, 9638545483
(સમય : ૮ થી ૧૨)




# ગુજરાતમાં ખેડૂતો, માછીમારોની હાલત કફોડી બનેલી છે : કેજરીવાલ

કચ્છ,તા.૬

ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી સામે પ્રહારો કરતા એએપીના નેતા અરવિંદ કેજરીવાલે કહ્યું હતું કે, મોદી માત્ર ઉદ્યોગપતિઓ માટેના વિકાસપુરુષ રહેલા છે. મુંદ્રા તાલુકામાં ખેડૂતો સાથે વાતચીત કર્યા બાદ કેજરીવાલે કહ્યું હતું કે, મોદી વિકાસપુરુષ છે પરંતુ માત્ર અદાણી અને અંબાણીના વિકાસપુરુષ બન્યા છે. મોદી દ્વારા કરવામાં આવેલા વિકાસના દાવાની ચકાસણી કરવા ગુજરાત પહોંચેલા કેજરીવાલે આક્ષેપોનો મારો ચાલુ રાખ્યો હતો. તેમણે કહ્યું હતું કે, મોટા ઉદ્યોગપતિઓની સરકાર સાથે સાંઠગાંઠ રહેલી છે જેના કારણે જમીનો મેળવવામાં આવી રહી છે. તેમણે કહ્યું હતું કે, એવું લાગે છે કે, ગુજરાતની સમગ્ર જમીન વેચાણ ઉપર છે. ઉદ્યોગોએ એટલા બધા કાળા નાણાં બનાવ્યા છે કે તે કોઈપણ સમયે નાણાં લઈને સ્વીત્ઝર્લેન્ડ ફરાર થઈ જશે.

આદમી પાર્ટી અને ભાજપના કાર્યકરો વચ્ચે હિંસક અથડામણો થયા બાદ આ મામલો હવે કોર્ટમાં પણ પહોંચી ગયો છે. એક બાજુ એએપીના નેતા સામે એફઆઈઆર દાખલ કરવામાં આવ્યા બાદ દિલ્હી પોલીસે ભાજપ ઓફિસની બહાર વ્યાપક હિંસા અને તોડફોડ બદલ પુછપરછ માટે આશુતોષને લઈ જવાનો નિર્ણય કરાયો હતો. આમ આદમી પાર્ટીના અન્ય નેતાઓ ઉપર પણ ફરજ પરથી પોલીસને રોકવા અને જાહેર સંપત્તિને નુકસાન કરવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. એએપીના નેતા શાઝિયા ઈલ્મી સામે પણ એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. બીજી બાજુ ભાજપ ચૂંટણી પંચ સમક્ષ એએપી સામે વિધિવત રીતે ફરિયાદ દાખલ કરી દીધી છે. ભાજપના નેતાઓ મુખ્તાર અબ્બાસ નકવી, હર્ષવર્ધન અને નલિન કોહલી આજે મુખ્ય ચૂંટણી કમિશનરને મળ્યા હતા અને એએપી સામે ફરિયાદ નોંધાવી હતી. નકવીએ કહ્યું હતું કે,

● *અનુસંધાન પાન-૭ પર*

